## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




દાઢી તો શ્રાવણ માસ માટે વધઆરી છે... કપડા તો જુગારમાં હારી ગયા તેમા...!!!

# સિવિલમાં રવિવારના રોજ કોરોના ટેસ્ટ થતો નથી..!

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરમાં રોગચાળાએ અજગરી ભરડો લીધો છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે.

હાલ શહેરના હોસ્પિટલ તેમજ ખાનગી કલીનીક દર્દીઓથી ઉભરાય છે. મોડીરાત સુધી દવાખાનામાં દર્દીઓની લાઈનો લાગેલી હોય છે. કોરોના, સ્વાઈન ફ્લુ, મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી સહિત વાઈરલ ફીવરના દર્દીઓ પણ નોધનીય સંખ્યામાં છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ફીવર ઓપીડી શરુ કરવામાં આવી છે. પરંતુ રવિવારની રજામાં કોરોના ટેસ્ટ કરવામાં આવતા નથી. જેથી દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ના છુટકે જવુ પડે છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સિવિલના તાત્કાલીક વિભાગમાં તો સામાન્ય તાવના દર્દીને પણ ફીવર ઓપીડીમાં મોકલી દેવામાં આવે છે. ત્યારે ફીવર ઓપીડીમાં કોરોનાના લક્ષણો ધરાવતા દર્દીઓને રવિવારના રોજ કોરોનાનો ટેસ્ટ કરવામાં આવતો નથી.

માત્ર વીવીઆઈપી કે હોસ્પિટલના ડોકટર્સની અંગત ભલામણ હોય તો જ કોરોના ટેસ્ટ થાય છે તેમ હાજર કર્મચારીઓ જણાવે છે. ત્યારે તાવ અને શરદી ખાંસી સહિત બિમારીથી કંટાળેલા દર્દીઓએ અન્ય જગ્યાએ સારવાર માટે જવુ પડે છે.તે ઉપરાંત ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવાની ફરજ પડે છે. ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ આર્થિક સમસ્યાનો પણ ભોગ બને છે. ગાંધીનગર હોસ્પિટલમાં હાલના સમયે મેડીસીન વોર્ડમાં દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. રોગચાળાને પગલે ગાંધીનગર આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ પ્રથમ પસંદગી છે. ત્યારે રવિવારના રોજ શરદી , ખાંસી અને તાવ આવતો હોવા છતા કોરોના ટેસ્ટ ન થતા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. જયારે દર્દીઓને ખાનગી લેબમાં કોરોના સહિત વિવિધ ટેસ્ટ કરાવવામાં આવતા હોવાથી આર્થિક ભારણ પણ સહન કરવુ પડે છે. ત્યારે રવિવારના રોજ સિવિલમાં કોરોના ટેસ્ટ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરમાં ૨૩મીએ પ્રાકૃતિક ખેતી અંગેનો પરિસંવાદ યોજવાના આયોજનમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે તાપમાનનો પારો ૩૨ ડિગ્રીએ પહોંચ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં કપાસના પાકમાં ચુસિયા જીવાતો દેખાતા ખેડૂતોમાં ચિંતાની લ્હેર પ્રસરી જવા પામી છે.
- સે. ૨૨માં પંચદેવ મંદિર ખાતે આસપાસના વિસ્તારોમાં આજે પણ સફાઈ અભિયાન ચાલ્યુ હતુ.
- આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી અંગે ખાસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- શાકભાજીના ભાવોમાં કોઈજ ઘટાડો જોવા ન મળતાં ગૃહીણીઓમાં નિરાશા જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોની સફાઈ ન થતાં સેકટરોમાં કચરાની ગંદકી વધુ જોવા મળી રહી છે.
- વન વિભાગના આરક્ષિત વિસ્તારોમાં ઘાસ ઉગી નીકળ્યુ હોવાથી જીવાતોનો ઉપદ્રવ વધ્યો છે તેમજ આ સફાઈ માટે તંત્રની ઉદાસીનતાને લઈ વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં શ્રાવણના છેલ્લા સોમવારે યોજાતા પારંપારિક મેળાઓના આયોજનમાં આયોજકો વ્યસ્ત બન્યા છે.
- ભાદરવી પૂનમના મેળામાં જતા પદયાત્રીઓ માટે સેવા કેમ્પો શરૂ કરવાના આયોજનમાં માઈભક્તો વ્યસ્ત બન્યા છે.
- શહેરમાં આજે સિનીયર સિટીઝન ડે ની ઉજવણી થઈ હતી.

## ડભોડા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કૃષ્ણ ભગવાનનો ૫૨૪૯મા જન્મદિવસ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગામમાં ભવ્ય શોભાયાત્રા દ્વારા આધ્યાત્મિક વાતાવરણ ઉભુ કરવામાં આવ્યુ હતુ. ગામની મોટી ભાગોળે માનવરૂપે ધરતી પર અવતરિત થયેલ ભગવાન શ્રીકૃષ્ણ પ્રાગટ્યની મહાઉત્સવની ઉજવણીમાં વિશિષ્ટ રીતે સાસ્કૃતિક કાર્યક્રમ ધામધૂમપૂર્વક પાંચમો જન્માષ્ટમી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેના જિલ્લા પ્રમુખ ગોવિંદસિંહ ઠાકોર, સરપંચ ભુપતજી, ઉપસરપંચ ભરતસિંહ, પૂર્વ સરપંચ હાલુસિંહ તથા સેનાની ટીમના હોદ્દેદારો તેમજ ડભોડા ઠાકોર સેના ટીમના યુવાનો અને સમગ્ર ગ્રામજનો તથા આજુબાજુ ગામોના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મપ્રેમી જનતાએ ઉલ્લાસ સાથે ભાગ લીધો હતો.

## સેકટર-૭ પોલીસે ચોરી થયેલ બાઈક ગણતરીના દિવસમાં શોધી કાઢ્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ જે.ડી.રાઠોડ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે સમયે સેકટર-૩ વિસ્તારમાં ફરતા ફરતા ઝાડીઓ નજીક ફુટપાથ પાસેથી બિન વારસી બાઈક નં. જી.જે.૦૯.સી.ટી.૨૫૬૨ મળી આવ્યું હતું. પોલીસે બાઈક અંગે તપાસ કરતા તે ચોરીમાં ગયેલ જણાઈ આવ્યું હતું. જેથી પોલીસે બાઈક કબ્જે કરી પોલીસ મથકે લાવ્યા હતા.ત્યારબાદ ગણતરીના દિવસોમાં બાઈક શોધી કાઢી ફરીયાદીને બોલાવી પરત આપતા ફરીયાદીએ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

## ગાંધીનગર મેદરા પાસેથી ત્રણ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના મેદરા પરમારપુરા સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાંથી પોલીસે ત્રણ જુગારીઓને પકડી પાડી રૂ.૧૧,૮૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શ્રાવણ માસ પુરા થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેમ છતા જુગાર રમવા માટે જુગારીઓ થનગની રહ્યા છે. ત્યારે પોલીસ પણ દરોડા પાડી જુગારીઓને પકડવા રાત દિવસ ઉજાગરા કરી રહી છે.ત્યારે ડભોડા પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે મેદરા ગામે પરમારપુરા ખાતે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમાય છે. જેથી પોલીસે મેદરા ખાતે રેઈડ પાડી કુંડાળુ વળી બાજી માંડી બેઠેલા અજીતસિંહ ભરતસિંહ પરમાર, રણજીતસિંહ લક્ષ્મણસિંહ બિહોલા અને હર્ષદ રામસિંહ પરમાર (તમામ રહે.મેદરા ગામ) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડ રૂ.૩૬૦૦, તેમજ અંગજડતીમાંથી રૂ.૮૨૫૦ તેમજ જુગાર સાહિત્ય સહિત કુલ રૂ.૧૧,૮૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ધણપ ગામની સીમમાંથી ૫ જુગારી ઝડપાયા




ગાંધીનગર,તા.૨૧

ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં ધણપ ગામની સીમમાં જુગાર રમી રહેલા પાંચ શખ્સોને એલસીબી-૨ એ પકડી પાડ્યા છે. પોલીસે જુગાર રમવાના સાહિત્ય અને રોકડ રૂ.૨૯.૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શ્રાવણ માસ દરમિયાન જુગાર રમતા જુગારીઓની વોચ ગોઠવી અસરકારક કામગીરી કરવા માટે એલસીબી-૨ ના જવાનો સક્રિય હતા. ત્યારે એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ વિજયકુમાર તેમજ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે ધણપ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી એલસીબી પોલીસના જવાનો ત્રાટકીને જુગાર રમી રહેલા નવા કોબા પંચાયત વાસ ખાતે રહેતા પિનલ વિક્રમ પટેલ, મોટા ચિલોડા કિષ્ણા હોસ્પિટલની પાછળ અક્ષર બંગ્લોઝ મકાન નં.૩૩ ખાતે રહેતા ભાવેશ રણછોડભાઈ પટેલ, સૈજપુર બોઘા કૈલાસ પાર્ક મકાન નં. ૧૯ ખાતે રહેતો નિકુંજ જયંતિભાઈ પટેલ અને કર્ણાવતી ફલેટ હીરાવાડી ખાતે રહેતો હાર્દિક શૈલેષભાઈ પટેલને પકડી પાડ્યા હતા.જયારે પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ. ૨૧,૯૦૦ કબ્જે કર્યા હતા.જયારે મોબાઈલ નંગ-૩ કિં.રૂ.૭૫૦૦ મળી કુલ રૂ.૨૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર, અર્બુદા સેના ગુજરાત પ્રદેશ અને લાયન્સ કલબ બ્લડ સેન્ટર ઓગણજના સંયુકત ઉપક્રમે સ્વાતંત્ર દિને ૧૭ સ્થળોએ વૃક્ષારોપણ અને રકતદાન કેમ્પનું આયોજન લાયન શિતાંગ વોરાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું જેમાં એન્વાયરમેન્ટ સમિતિના ચેરમેન ચંદ્રકાંતભાઈ ઠકકરના નેતૃત્વ કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પ થકી ૧૪૧૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું અને ૧૧ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ગૃહરાજય મંત્રી વિપુલભાઈ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. લાયન પ્રમુખ મૌલિક ચૌધરી દ્વારા કલબના સૌ સભ્યો તેમજ આર્થિક સહયોગ આપનાર દાતાઓનો આભાર માન્યો હતો.

# યોગી બસ સર્વિસના ડાયરેકટરની આગોતરા જામીન નામંજુર

## ગાંધીનગર કોર્ટમાં વાહન અકસ્માત વીમા પોલીસી નકલી રજુ કરી હતી.

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકા વિસ્તારમાં શહેરી બસ સેવા પુરી પાડતી એજન્સી યોગી એડ્યુટ્રાન્ઝિટ પ્રા.લિ.ના ડાયરેકટરભરત સિંહ કુપાવતે માર્ગ અકસ્માતના ગુનામાં ગાંધીનગર કોર્ટમાં વિમા પોલીસી ખોટી રજુ કરી આર્થિક ફાયદો મેળવવા માટે પ્લાન ઘડ્યો હતો.પરંતુ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીની તપાસમાં ડાયરેકટર ભરતસિંહ કુંપાવતના ભાંડો ફુટી જતા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જે અન્વયે ભરતસિંહે આગોતરા જામીન અરજી મુકતા કોર્ટે ના મંજુર કરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ યોગી શહેરી બસ સેવાને અડાલજ પાસે અકસ્માત થયો હતો. સીટી બસ નં.જી. જે.૧૮. એ.ઝેડ.-૪૯૯૬ ના ડ્રાયવર જયદિપ અડાલજ પોલીસ મથકે હાજર થઈ બસ તે ચલાવતો હોવાનું જણાવી બસના ડોક્યુમેન્ટ અને લાયસન્સ રજુ કર્યા હતા. જેમાં ન્યું ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીની પોલીસી પણ રજુ કરી હતી. જે પોલીસીમાં વીમા માલિકનું નામ યોગી એડ્યુટ્રાન્ઝીટ પ્રા.લિ. હતું. આ ગુના અંતર્ગત વીમા કંપનીને કોર્ટમાં હાજર રહેવા નોટીસ મળી હતી. જેથી વીમા કંપનીના વકીલ દ્વારા યોગી એડ્યુટ્રાન્ઝિટ પ્રા.લિ.નામની પોલીસીની નકલ મેળવી હતી. જેની વીમા કંપનીએ તપાસ કરતા સીટી બસ નં.જી.જે. ૧૮.એ. ઝેડ.-૪૯૯૬ની વીમા પોલીસી ફેક હોવાનું સામે આવ્યું હતું. જેથી વીમા કંપનીના ડીવીઝનલ મેનેજર મોહંમદ રફીક શેખ દ્વારા યોગી બસ સર્વિસના ડાયરેકટર ભરતસિંહ રઘુનાથસિંહ કુંપાવત સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા ભરતસિંહ કુંપાવતના આશ્રય સ્થાનો પર પોલીસ ત્રાટકી હતી.

પરંતુ યોગી બસ સર્વિસના ડાયરેકટર અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે. જયારે ભરતસિંહે પોલીસ અને ધરપકડ થી બચવા માટે આગોતરા જામીન અરજી મુકી હતી, જેને કોર્ટે નામંજુર કરી દીધી છે.



સેક્ટર-૨૨ શ્રેયસ સોસાયટીમાં રોડની નજીક જ મોટો ભૂવો પડ્યો છે. ખૂબ જ જોખમી દેખાતો આ ભૂવો તાત્કાલિક પૂરવામાં આવે તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે. આખે આખુ વાહન તેમાં સમાઈ જાય તેવો વિશાળ ભૂવો કોઈ અકસ્માત સર્જે તે પહેલા પૂરવો જરૂરી છે.

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૩૦ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૪૯૬ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એક દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૯૫ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૨૨૮૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૨ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૨૬૫ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૫૪,૪૯૪ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૯૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૭૯ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરા કોર્પોરેશનમાં ૩૪, રાજકોટ કોર્પોરેશનમાં ૧૨, વલસાડ ૧૧, સાબરકાંઠા ૧૦, સુરત ૧૦, સુરત કોર્પોરેશનમાં ૧૦, મહેસાણા ૮, ગાંધીનગર કોર્પોરેશમાં ૭, કચ્છ ૭, નવસારી ૬, અરવલ્લી ૫, સુરેન્દ્રનગર ૫, ભાવનગર કોર્પોરેશનમાં ૪, બનાસકાંઠા ૩, જામનગર કોર્પોરેશનમાં ૩, અમદાવાદ ૨, ભરૂચ ૨, ગાંધીનગર ૨, ખેડા ૨, મહીસાગર ૨, અમરેલી ૧, આણંદ ૧, પાટણ ૧, પોરબંદર ૧, રાજકોટ ૧ અને વડોદરા ૧ એમ કુલ ૨૩૦ કેસ નોંધાયા છે. જો રસીકરણની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૧,૦૭,૨૬૪ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૨૧૦ ને રસીનો પ્રથમ અને ૧૫૬૫ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૫-૧૭ વર્ષના લોકો પૈકી ૨૨૬ ને રસીનો પ્રથમ અને ૬૯ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૧૦૦૭૯ લોકોને પ્રીકોર્શન ડોઝ આપવામાં આવ્યો છે. ૧૨-૧૪ વર્ષના લોકો પૈકી ૧૨૦ ને રસીનો પ્રથમ અને ૨૬૨૭ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૫૯ વર્ષના લોકોને ૯૨૩૬૮ પ્રીકોશન ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૦,૨૨,૧૨૯ રસીના ડોઝ આપવામાં આવ્યો છે.

# રાજ્યમાં બે દિવસ ભારે વરસાદ થવાની આગાહી

અમદાવાદ, તા.૨૧

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. નદી-નાળાઓ ઓવરફ્લો થઈ રહ્યા છે, ત્યારે લોકોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આવામાં ગુજરાતની વાત કરીએ તો આવનારા બે દિવસ મહત્વના હોઈ શકે છે. રાજ્યમાં બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. ખાસ કરીને આગામી આ બે દિવસ દરમિયાન બે જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે મોટાભાગના જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. વરસાદની આગાહીની વાત કરીએ તો, લોકોએ વરસાદના આક્રમક રાઉન્ડ માટે ફરી તૈયાર રહેવું પડશે. આવતી કાલે ૫ જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે મંગળવારે બે જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલ સોમવારે રાજ્યના ૫ જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે. આવતીકાલે સોમવારે રાજ્યમાં સર્વત્ર વરસાદ ખાબકી શકે છે. રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ખાસ કરીને પાટણને બાદ કરતાં સમગ્ર રાજ્યમાં વરસાદ પડી શકે છે. પાટણમાં વરસાદને લઈને કોઈ ખાસ વોર્નિંગ નથી. પરંતુ રાજ્યમાં મોટાભાગે થન્ડર સ્ટ્રોમ એટલે કે વરસાદ જોવા મળી શકે છે. હવામાન વિભાગ દ્વારા આવતીકાલ માટે આ આગાહી કરવામાં આવી છે. મંગળવારનો દિવસનો ગુજરાત માટે મહત્વનો છે. કેમ કે, ૨૩ ઓગસ્ટે સમગ્ર રાજ્યમાં વરસાદ પડી શકે છે. ખાસ કરીને તમામ રાજ્યોમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે બે જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અહીં ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય અરવલ્લીમાં પણ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અહીં પણ ભારે વરસાદ જોવા મળી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, મંગળવારે પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, નવસારી, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.


